| No. | C.C. No | Name |
|---|---|---|
| 47 | GG-70 | Jain Bhavesh Arvindbhai |
| 48 | GG-94 | lukkad Sanmay Manojbnhai |
| 49 | GG108 | Jain Siddh Devendrabhai (પાયો) |

## ■ યુગપ્રધાન પરિવાર ■

નિયમિત સામાયિક - ગાથા - વાચના ઉપરાંત જે બાળકો વધુ સારી, વધુ શુદ્ધ ગાથા કરવામાં રસ ધરાવે છે, તેવા બાળકો માટે સાંજે યુગપ્રધાન પરિવારની યોજના ચાલુ છે. ઘણાં બાળકો આ વિભાગમાં ભાગ લઈ મોટા સૂત્રો કંઠસ્થ કરી રહ્યા છે, ખૂબ ખૂબ અનુમોદના...

યુગપ્રધાન પરિવારમાં શ્રી જ્યોત્સનાબેન, શ્રી રંજનબેન તથા શ્રી ભૂપેન્દ્રભાઈ બાળકોને ગાથા તૈયાર કરાવી રહ્યા છે.

**યુગપ્રધાન વિભાગમાં અનુમોદનીય ગાથા કરનાર બાળકો :**

(1) જ્ઞાનેન્દ્ર મહેન્દ્રભાઈ કોઠારી -5th- નાણમ્મિ સૂત્ર

(2) પક્ષાલ હેમેન્દ્રભાઈ રાઠોડ -5th- સકલાર્હત, સ્નાતસ્યા, સંતિકરમ્

(3) ૠષભ હિતેષભાઈ શાહ -5th- સકલાર્હત, સ્નાતસ્યા

(4) નમન સૂરજભાઈ શાહ -6th- સ્નાતસ્યા, સંતિકરમ્

(5) સિધ્ધ આલોકભાઈ જૈન - 7th- લઘુશાંતિ, સકલતીર્થ, ભરહેસર, સ્નાતસ્યા,, મન્હજિણાણં.

(6) અક્ષત ભદ્રેશભાઈ મહેતા -8th- લઘુશાંતિ, ભરહેસર, સકલતીર્થ.

(7) ગૌરવ મહેશકુમાર સોનીગરા -8th- વંદિતુ

## ■ કર્મગ્રંથ તથા તત્વજ્ઞાનના પાઠ! ■

રોજ સાંજે બાળકોને કર્મગ્રંથ તથા તત્વજ્ઞાન અંગેનું જ્ઞાન પૂ. ગુરુજી પીરસી રહ્યા છે. બાળકો ખૂબજ ઉત્સાહથી આ જ્ઞાનરૂપી ગંગામાં ન્હાવા દોડી રહ્યા છે.

## ■ વર્ધમાન શક્રસ્તવ ■

દર સુદ દશમે તપોવનમાં વર્ધમાન શક્રસ્તવ અનુષ્ઠાન યોજાય છે. તપોવન સંસ્કારધામ વધુને વધુ પ્રગતિ કરે તથા બાળકો વધુને વધુ ભક્તિ-ભાવમાં મસ્ત બની પુણ્યાનુબંધી પુણ્યનું ભાથુ બાંધે તે હેતુથી આ આયોજન કરાય છે.

## ■ બાળકોને ડ્રાયફ્રુટ ■

શિયાળાની સીઝનને ધ્યાનમાં રાખીને બાળકોને એકાંતરે અલગ-અલગ સૂકામેવા જેવા કે, કાજુ, બદામ, પિસ્તા, અખરોટ, કીસમીસ, ખજૂર, ખજૂરપાક, અડદીયાપાક, રાબ, ડ્રાયફ્રુટવાળુ દૂધ, દરેક જાતની ચીકી, કાજુ-કસાટા વિગેરે આપવામાં આવે છે.



## ■ તપસ્યા પ્રેમ ■

બાળકોનો તપસ્યાપ્રેમ ખરેખર ખૂબજ અનુમોદનીય છે. મૌન-એકાદશીના દિવસે બાળકોએ ખૂબજ સુંદર આરાધના કરી હતી. લગભગ ૨૦૦ બાળકોએ પૌષધ, ૫૪ જેટલાં ઉપવાસ, ૪૫ જેટલાં આયંબિલ ઉપરાંત ૧૧૦ એકાસણાં થયા હતા. બંને ટાઈમ પ્રતિક્રમણ સહિત શુદ્ધ ક્રિયાઓ દ્વારા બાળકોએ પુણ્યનું ભાથુ બાંધ્યું હતું. પૂ.શ્રી નયરક્ષિત વિ.મ.સા., પૂ.શ્રી અનંતસુંદર વિ.મ.સા. તથા પૂ.શ્રી યોગરુચી વિ.મ.સા. એ બાળકોને વાચના દ્વારા ઘણી જ્ઞાનસભર માહિતી પૂરી પાડી હતી.

## ■ પૂ. ગુરુવર્યોના તપોવનની ભૂમિ પર પાવન પધરામણાં ■

તપોવન-નવસારીનો મહાન પુણ્યોદય કે તપોવનની ધરા પર પૂ. આચાર્ય ભગવંત શ્રી હંસકીર્તિ સૂરિજી, પૂ.શ્રી હંસબોધિ વિ.મ.સા., પં.શ્રી ભવ્યકીર્તિ વિ.મ.સા., પં.શ્રી રાજરક્ષીત વિ.મ.સા. સહિત અન્ય ૨૦-૨૦ ગુરુભગવંતોના પાવન-પધરામણાં થયાં છે. બાળકો તેમના દર્શન વંદનથી ધન્યતાની લાગણી અનુભવે છે.

## ■ પાયાના સંસ્કાર ■

હરરોજ ભોજનશાળામાં ''થાળી ધોઈને પીવી'' તથા ''ભોજન શાળામાં સંપૂર્ણ મૌન'' ની સ્કીમ ચાલુ છે. લગભગ બધાંજ બાળકો આ સ્કીમમાં ભાગ લઈ પુણ્યનું ઉપાર્જન કરી રહ્યા છે.

## ■ દિવાળી વેકેશન પોઈન્ટ સીસ્ટમ ■

દિવાળી વેકેશન દરમિયાન તપોવની બાળકો માટે અલગ-અલગ સ્કીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં (૧) સંપૂર્ણ T.V. ત્યાગ (૨) વિડીયોગેમની છૂટ સાથે T.V. ત્યાગ (૩) પાંચ નિયમની સ્કીમ જેમાં માતા-પિતાને પ્રણામ, કંદમૂળ ત્યાગ, અભક્ષ્ય ત્યાગ, રાત્રીભોજન ત્યાગ, હોટલ ત્યાગ જેવા નિયમો (૪) ફટાકડા નહીં ફોડવાની બીજા બાળકોને પ્રેરણા કરવી (૫) આરાધના પત્રકના નિયમોનું પાલન (૬) સૂત્ર સ્કીમ (૭) સ્વદ્રવ્યે અષ્ટપ્રકારી પૂજા વિગેરેનો સમાવેશ કરવામાં આવ્યો હતો. તા. ૩ ડીસેમ્બરના રોજ બપોરે આ નિયમોનું પાલન કરનાર દરેકે દરેક બાળકનું વિવિધ Gifts આપીને બહુમાન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર બહુમાનનો કાર્યક્રમ પૂ.શ્રી હંસબોધિ વિ.મ.સા. તથા પૂ.શ્રી અનંતસુંદર વિ.મ.સા. ની નિશ્રામાં નવસારીના પ્રતિષ્ઠિત સુશ્રાવક (શ્રી મનસુખલાલ એન્ડ સન્સ) શ્રી ચંદ્રકાન્તભાઈ આદિના હસ્તે યોજવામાં આવ્યો હતો.